ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


નિમેષ રાવલ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૮૭૯૫ ૨૮૭૦૨


પુષ્પાબેન મહેતા
ઉપ પ્રમુખ
જ્યોતિ મહિલા મંડળ


ડો. રાજેશ ભોજક
પીઆર હેડ, ઈન્ફોસિટી
મો. ૯૮૭૯૬ ૧૯૯૨૨


વિશાલ વ્યાસ


કુણાલ બાબરિયા


પંકજ વર્મા


હાર્દિક સોરઠિયા

# સ્કાઉટ ગાઈડને રાજ્યપાલના હસ્તે પુરસ્કાર વિતરણ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલીએ જણાવ્યું હતું કે રાજ્યના સ્કાઉટ ગાઈડ સંગઠન વિદ્યાર્થીઓમાં વ્યક્તિત્વ વિકાસની સાથે તેમનામાં રાષ્ટ્રભાવના, અનુશાસન તથા ચારિત્ર્યનું ઘડતર થાય તે માટે તત્પરતાથી કાર્ય કરે છે, જે પ્રશંસનીય બાબત છે.

રાજભવન ખાતે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંગઠન દ્વારા યોજાયેલા રાજ્ય પુરસ્કાર વિતરણ સમારોહ અંતર્ગત રાજ્યના સ્કાઉટ ગાઈડને રાજ્યપાલે પુરસ્કારો અર્પણ કર્યા હતા.

ગુજરાતમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્કાઉટ ગાઈડમાં જોડાય તેવા પ્રયાસો પર ભાર મૂકતાં રાજ્યપાલે જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિનો વધુમાં વધુ પ્રચાર થાય અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રપ્રેમ તથા સમાજ પ્રત્યેની જવાબદારી પ્રત્યે વધુ સભાનતા કેળવે તે માટે તેમને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે. સંગઠન આ દિશામાં સરાહનીય કાર્ય કરી રહ્યું છે.

સ્કાઉટ ગાઈડ આંદોલન એક રાષ્ટ્રીય કક્ષાનું આંદોલન છે, જે વિશ્વના તમામ દેશોમાં કાર્યરત છે અને સમાજ તથા રાષ્ટ્રની સેવામાં સંલગ્ન છે. આ આંદોલન દ્વારા યુવાનોમાં વિશ્વ ભ્રાતૃત્વ, શિસ્ત, સહનશીલતા, ચારિત્ર્ય ઘડતર અને સેવાભાવનાનું સિંચન કરી તેમને સમાજના જવાબદાર નાગરિક બનાવવાનું કામ આ સંગઠન કરે છે. વિદ્યાર્થીઓએ સ્કાઉટ ગાઈડ દ્વારા સમાજસેવાની પ્રવૃત્તિમાં જોડાઈ સેવાકાર્યોમાં તેમનું યોગદાન આપવું જોઈએ. સંગઠનના ઉપપ્રમુખ જગદીશભાઈ ભાવસારે સ્કાઉટ ગાઈડ સંગઠનની વિગતો આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સમારોહમાં સ્કાઉટ ગાઈડ સંગઠનના મુખ્ય કમિશનર સવિતાબેન પટેલ, માનુનીબેન ઉપાધ્યાય, ડાહ્યાભાઈ પટેલ સહિત અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગઠનના સ્ટેટ કમિશનર (ગાઈડ) એન એફ ત્રિવેદીએ આભારવિધિ કરી હતી.

# ૨૩ યુગલો પ્રભુતામાં પગલાં પાડશે

## આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજ દ્વારા ૨૮મીએ ૩૪મા સમૂહલગ્ન મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૨૮મી ફેબ્રુઆરીને રવિવારના રોજ ૩૪માં સમૂહલગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્ન મહોત્સવમાં ૨૩ નવયુગલો પ્રભુતામાં પગલા ભરશે.

સેક્ટર-૬ સહિયર ગરબા ગ્રાઉન્ડ ખાતે આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજ આયોજિત ૩૪મો સમૂહલગ્ન મહોત્સવનો પ્રારંભ રવિવારના રોજ સવારે ૫.૫૫ કલાકે ગણેશ સ્થાપન-મંડપ મુહૂર્ત, ગ્રહશાંતિ સવારે ૬.૩૦ કલાકે, વરરાજાને પોંખવાની વિધિ અને કન્યાની માયરામાં પધરામણી સવારે ૮.૩૦ કલાકે, લગ્ન સમારોહ સવારે ૯.૦૦ કલાકે, હસ્તમેળાપ સવારે ૯.૧૫ કલાકે, સત્કાર સન્માન સમારંભ બપોરે ૧.૦૦ કલાકે અને કન્યા વિદાય બપોરે ૩.૦૦ કલાકે કરવામાં આવશે.

આ પ્રસંગ દરમિયાન શ્રી સહજાનંદ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ ભુજ અને આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ દ્વારા પ્રથમ પુસ્તક મેળો યોજાશે તેમજ એમ.એસ. ઓપ્થલ ડૉ. તેજલબેન દલાલ સમાજના લાભાર્થે વિનામૂલ્યે આંખની તપાસ કરી સેવા કાર્ય કરશે.

આ સમૂહ લગ્ન મહોત્સવમાં નવયુગલોને વાસુદેવ મહારાજ, બળદેવદાસજી બાપુ, દલસુખ મહારાજ, ગોરધનભાઈ પટેલ અને દેવપુરીબાપુ આશીર્વચન પાઠવશે.

આ માંગલિક પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, ગૃહ રાજ્ય મંત્રી રજનીકાન્ત પટેલ, રાજ્યકક્ષાના મંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે.

શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજ આયોજિત ૩૪મા સમૂહલગ્ન મહોત્સવમાં સમારંભના પ્રમુખ તરીકે હર્ષદભાઈ ઉપાલા અને હેમેન્દ્રભાઈ રૂપાલા, સ્વાગત પ્રમુખ તરીકે હસમુખભાઈ ઉપાલા, લગ્ન સમારંભના ઉદ્‌ઘાટક તરીકે પોપટલાલ પ્રજાપતિ હાજર રહેશે તેમજ દિપ પ્રાગટ્ય વાસુદેવભાઈ ઉપાલાના હસ્તે કરાશે.

આ સમૂહલગ્નમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, ગાંધીનગર સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન રાકેશભાઈ પટેલ, મહાનગરપાલિકાના મેયર હંસાબેન મોદી, ગુડા ચેરમેન આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# સેક્ટર-૧૭ ખાતે સામુહિક શ્રીમદ ભાગવત સપ્તાહ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સે. ૧૭માં અંબિકા ચોક ખાતે પંચદેવ મંદિરના વેદાન્તાચાર્ય પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજની વ્યાસપીઠે સામુહિક શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ભાગવત સપ્તાહ તા. ૨૯મી ફેબ્રુઆરી સુધી ચાલશે. જેમાં દરરોજ બપોરે ૧.૩૦થી ૫.૩૦ વાગ્યા દરમ્યાન કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

સામુહિક ભાગવત કથા સપ્તાહમાં કપિલ પ્રાગટ્ય, વરાર પ્રાગટ્ય, ધ્રુવ ચરિત્ર, પ્રહલાદ ચરિત્ર, વામન ચરિત્ર, રામ-કૃષ્ણ જન્મ, કૃષ્ણ બાળલીલા, ગોવર્ધન પૂજા, કૃષ્ણ-રૂષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર સહિતના પ્રસંગો આવરી લેવાશે. આ ઉપરાંત કથા સ્થળે તા. ૨૫મી ફેબ્રુઆરીએ રાત્રે આનંદનો ગરબો, તા. ૨૬મી ફેબ્રુઆરીએ રાત્રે ભજન સંધ્યા અને તા. ૨૭મી ફેબ્રુઆરીએ સુંદરકાંડના પાઠ યોજાશે. આ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા નગરના ધર્મપ્રેમી ભાવિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કુદરતને ખોળે ખેલનારા યુથ હોસ્ટેલના યુવાનોની પ્રવૃત્તિઓને પોંખવાનો કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૨૨

સાહસ, સંસ્કૃતિ, સુંદરતા, સંસ્કાર અને સમાજસેવાના ગુણોથી છલકાતા યુવાધનની યુથ હોસ્ટેલ ઑફ ઈન્ડિયાની પ્રવૃત્તિથી પોતાનાં ૩૫ ઉજવી રહેલા ભાવનગર યુનિટનો એક અત્યંત ભવ્ય કાર્યક્રમ શનિવારે રાત્રે ભાવનગરની સેન્ટ મૅરી હાઈસ્કૂલમાં યોજાઈ ગયો.

માત્ર એક વ્યક્તિથી શરુ થયેલી સંસ્થામાં આજે ૧૫૦૦ સભ્યોનું માતબર ગ્રુપ ધરાવે છે. જર્મનીમાં શરુ થયેલી આ સંસ્થા વિશ્વના ૮૮ દેશોમાં કાર્યરત છે. આ સંસ્થાની શરુઆત કરનાર સર રિચાર્ડ શેરમેન એક શિક્ષક હતા અને બાળકોને પ્રવાસ કરાવતા.

ભારતના પ્રવૃત્તિશીલ યુનિટમાં જેનું નામ આદરપૂર્વક લેવાય છે. એવા આ યુનિટના ૩૫ વર્ષની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર કચેરીના સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદીએ ભાવનગર સુર, સંગીત, સાહિત્ય, સાહસ અને સુંદરતાથી શોભે છે એવી વાત સાથે સફળતા અને પ્રાપ્તી વચ્ચેના ભેદરેખાની વાત કરી હતી. યુવાન ડોસો અને ઉંમરલાયક યુવાનની વાત સાથે બધાંનો ઉત્સાહ વધાર્યો છે.

અતિથિ વિશેષ ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતે બે વારતાઓ સાથે યુથ હોસ્ટેલના યુવાનોને બિરદાવ્યા હતા અને જીવન જીવવાની ટીપ્સ આપી હતી. આ પ્રસંગે લકુલીશ યુનિવર્સિટીના બાળકોને યોગનૃત્ય, રાસ, ગરબા, હુડો, સ્વાગત, સિક્સ સેન્સના પ્રયોગો વગેરે બતાવવામાં આવ્યા હતા. યુથ હોસ્ટેલના પૂર્વ સર્વે અધિકારીને મોમેન્ટોથી નવાજમાં આવ્યા હતા.

# હાલો, વસંતનાં વધામણાં કરીએ વસંતોત્સવમાં...



ગાંધીનગર, તા. ૨૩

મધ્યકાલીન સમયમાં સર્જાયેલું કાવ્ય વસંતવિલાસ આજે પણ જગતની ઉત્તમ રચનામાં સ્થાન પામે છે. વસંત પૂર્વ પ્રેમીઓના મનોભાવનો ઉકળાટ અને વસંતના ઉભરાટને આબાદ રીતે અભિવ્યકત કરે છે. ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યુ છે કે ઋતુઓમાં વસંતઋતુ પણ હું જ છુ. વસંતએ ફુલોની ફોરમ છે. વાસંતી વાયરાના સ્પર્શ માત્રથી વૃક્ષ થડથી છેક તળ સુધી રોમહર્ષક બની જાય છે. ઉપવનમાં સુંગધનું સંગીત વગવા લાગે છે. વસંતમા આકાશ ચોખ્ખુ હોવાથી રાત્રે તારા ખીલેલા ફુલ જેવા લાગે છે. સરોવરમાં તરતા ચંદ્રના કિરણો રમ્યતાનું રજવાડુ ખડું કરે છે. શિયાળાની વધુ પડતી ઠંડી નહી અને ગ્રીષ્મનો તાપ નહી એટલે સમતોલ ઋતુ પણ છે.

પાટનગરની સુસંસ્કૃત પ્રજા સંસ્કૃતિને પોંખનારી છે. એટલે જ ગાંધીનગરના આંગણે વર્ષ-૧૯૯૬માં સંસ્કૃતિકુંજનું નિર્માણ થયું હશે. આજે વીસ વર્ષમાં સંસ્કૃતિકુજમાં યોજાતો વસંતોત્સવ સમગ્ર રાજયમાં લોકપ્રિય બની ગયો છે. વસંતોત્સવ સાચા અર્થમાં નવરંગી ચંદરવો અને રાષ્ટ્રીય લોકકલાની સંસ્કૃતિના આદાન પ્રદાનનો અવસર બની રહ્યો છે. આવો આપણે સૌ પણ બે હાથ રૂપી ડાળીઓ ફેલાવીને વરણાગી ઋતુ વસંતને આવકારીએ રાજય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજીત વસંતોત્સવમાં જઈને....

# ઓમકાર સ્કૂલનાં ભૂલકાં ઉજાણીએ





બાળકોના સર્વાંગી વિકાસ માટે તત્પર ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા દ્વારા કેજીથી ધોરણ-૪ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય ઉજાણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અધ્યાપન કાર્યની સાથે સાથે મુક્ત રીતે આનંદ-પ્રમોદ પણ માણી શકે એ આ ઉજાણીનો હેતુ હતો. આ ઉજાણીમાં બાળકોએ અમદાવાદ સ્થિત શ્રીમતી કમલા નહેરૂ ઝુઓલોજિકલ ગાર્ડનની મુલાકાત લીધી હતી. અહીં વન્યજીવ પ્રાણીઓ, પક્ષીઓ નિહાળીને બાળકો રોમાંચિત થઈ ઊઠ્યા હતા. ત્યારબાદ બાલવાટિકા, કાચઘર, ટિકિટ સંગ્રહાલય જોયા બાદ બપોરનું ભોજન ત્યાં જ લીધું હતું અને ત્યારબાદ અટલ ઍક્સપ્રેસ ટ્રેનની મુસાફરીની મોજ પણ માણી હતી.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ ખેલ મહાકુંભમાં ઝળકી



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરના ખેલ મહાકુંભ અંતર્ગત ફૂલબૉલ સ્પર્ધા સ્વામીનારાયણ ધામ ખાતે યોજવામાં આવી હતી, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની ટીમ વિજેતા બની હતી. આ વિજેતા ટીમમાં અનેરી પટેલ (કૅપ્ટન), પૂજા પટેલ, રીઝવાના શેખ, રેખા ચૌધરી, પ્રાચી ભગત, રાજેશ્વરી પટેલ, જાનકી પટેલ, સૂચિ પટેલ, દિક્ષા પટેલ, આરતી પટેલ, કંચન પરમાર, નિર્મલ ચૌધરી, હિમાની ઠક્કર, શ્વેતા સિંઘ, અંજલિ પટેલ, ખુશ્બુ પટેલ સામેલ હતાં.

વિજેતા ટીમને કડી સર્વ વિશ્વવિદ્યાલય અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ફિઝીકલ ઍજ્યુકેશનના પ્રો. ડૉ. રણછોડ રથવી તથા પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અભિનંદન તથા રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં માતૃભાષા ગૌરવ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી આચાર્યા સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત 'માતૃભાષા એ જ ઉત્તમ ભાષા' વિષયે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. ઉપરાંત, પોસ્ટર સ્પર્ધા અને સ્લોગન સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

શાળાના નોટિસ બોર્ડ અને વર્ગખંડના ફલેનિલ બોર્ડ પર માતૃભાષા ગૌરવની વાતો ઉજાગર કરવામાં આવી હતી.

વિદ્યાર્થીનીઓને આ પ્રસંગે ગૌરવવંતી માતૃભાષાના મહત્ત્વથી અવગત કરાવવામાં આવ્યા હતા અને તેનું ગૌરવ સાચવવાની શીખ તેમને આપવામાં આવી હતી.

# દાગ જો તુને દિયા, દિલસે મિટાયા ન ગયા

**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

હમ સે આયા ન ગયા
ઉનસે બુલાયા ન ગયા
ફાસલા પ્યાર મેં દોનોં સે
મિટાયા ન ગયા
હમસે આયા ન ગયા...

વો ઘડી યાદ હે
જબ તુમસે મુલાકાત હુઈ
એક ઈશારા હુઆ
દો હાથ બઢે બાત હુઈ
દેખતે દેખતે દિન ઢલ ગયા

ઔર રાત હુઈ
વો શમા આજ તલક
દિલ સે ભુલાયા ન ગયા
હમ સે આયા ન ગયા...
ક્યા ખબર થી કે

મિલે હૈં તો બિછડને કે લિયે
કિસ્મતેં અપની બનાઈ હે,
બિછડને કે લિયે,

પ્યાર કા બાગ લગાયા થા
ઉજડને કે લિયે
ઈસ તરહ ઉજડા કે
ફિર હમસે બસાયા ના ગયા
હમસે આયા ન ગયા...
યાદ રહ જાતી હે
ઔર વક્ત ગુઝર જાતા હે
ફૂલ ખિલતા હૈ ઔર
ખિલકે બિખર જાતા હે
સબ ચલે જાતે હૈં
ફિર દર્દે જિગર આતા હે
દાગ જો તુને દિયા
દિલસે મિટાયા ન ગયા
હમસે આયા ન ગયા...



૨૪ ફેબ્રુઆરી, ૧૯૨૪ના દિવસે લખનૌમાં તલત મહેમૂદનો જન્મ થયેલો. ફિલ્મી દુનિયામાં કલકત્તાથી કદમ રાખનાર તલતે પોતાનું નામ બદલીને તપનકુમાર રાખેલું. આપણા દેશના ભાગલા થયા બાદ અનેક કલાકારોએ પોતાનાં નામ બદલ્યાં હતાં. જેમકે યુસુફખાને દિલીપકુમાર, મેહરૂન્નિસાએ મધુબાલા અને મહેજબીને મીનાકુમારી.

તલત મહેમૂદનું વ્યક્તિત્વ બહુ જ આકર્ષક હતું. ઊંચી કાયા અને રૂપાળો ચહેરો એ તેમને મળેલી કુદરતી દેન હતી. પરંતુ તેમનો મખમલી અવાજ કુદરતની અણમોલ ભેટ હતી. હિન્દી ફિલ્મ જગતમાં સૌ પ્રથમ તેમને ગાવાનો અવસર આપ્યો સંગીતકાર અનિલ બિશ્વાસે. ફિલ્મ 'આરઝુ' માટે ૧૯૫૦ના વર્ષમાં દિલીપકુમારે પડતા પર રજૂ કરેલા ગીત 'ઐ દિલ મુઝે ઐસી જગહ લે ચલ જહાં કોઈ ન હો' માટે પાર્શ્વગીતની તક તલતને અનિલ બિશ્વાસે આપી હતી.

તલત મહેમૂદની પોતાની ઈચ્છા અભિનેતા અને ગાયક થવાની હતી. તેમણે લગભગ એક ડઝનથી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો હતો. ફિલ્મ સોને કી ચિડીયામાં તેમણે વિલનની ભૂમિકા નિભાવી હતી. પરંતુ બાકીની બધી જ ફિલ્મોમાં તેઓ મુખ્ય અભિનેતાની ભૂમિકામાં હતા.

તલત મહેમૂદ તેમના સમયના ગાયકો-ખાસ કરીને મુકેશ, રફી અને કિશોર કુમાર પહેલાં ફિલ્મી દુનિયાથી અલગ થઈ ગયા. સંગીતકાર મદન મોહને તલત મહેમૂદના સ્વરનો અનેક જાણીતાં ગીતોમાં ઉપયોગ કર્યો છે. ૯મી મે, ૧૯૯૮ના દિવસે તેમનું અવસાન થયેલું.